
Marengo CIMS Hospital

# CIMS Cancer Care

Volume-6 | Issue-59 | March 25, 2024

Price : ₹5/-



CIMS Cancer Care

Marengo CIMS Hospital

Volume-6 | Issue-59 | March 25, 2024

# સ્તન કેન્સરમાં "હાઈ રિસ્ક" એટલે શું અને તેને કઈ રીતે મેનેજ કરવું?



**DR ANAGHA ZOPE**

MBBS, MS,
Breast Surgery Fellowship
RACS Melbourne
Sr. Consultant Breast Cancer Surgeon
Mo. +91 97140 23699
anagha.zope@marengoasia.com

સ્તન કેન્સર એ એક સામાન્ય રોગ છે જે 28 માંથી 1 ભારતીય મહિલાને થતો હોય છે. કેટલીક મહિલાઓને તેમના વ્યક્તિગત અને પારિવારિક સ્વાસ્થ્ય ઇતિહાસ પર આધારિત સ્તન કેન્સર થવાની શક્યતા વધારે હોય છે જેને 'હાઈ રિસ્ક' સ્તન કેન્સર કહેવામાં આવે છે, અને મતલબ કે આવી સ્ત્રીઓને તેમના જીવન દરમિયાન સ્તન કેન્સર થવાના ચાન્સ 20% અથવા વધુ હોઈ શકે છે.

તમને સ્તન કેન્સરનું જોખમ કેટલું છે અને તમે શું કરી શકો તે જાણવું ખુબ જરૂરી છે

**સ્તન કેન્સરનું જોખમ કેવી રીતે જાણી શકાય?**

દરેક સ્ત્રીને સ્તન કેન્સર થવાનું જોખમ અલગ-અલગ હોય છે, કારણકે આ જોખમો સ્વાસ્થ્ય ઇતિહાસ અને તમારા કુટુંબના ઇતિહાસ પર આધારિત છે. જો તમને એક અથવા વધુ પરિબળો અસર કરે છે તો તમને સ્તન કેન્સર થવાની શક્યતા વધુ હોઈ શકે છે. તમારે જેટલું બને એટલું જલ્દી (20-30 વર્ષે ) સ્વાસ્થ્ય સંભાળ પ્રદાતા સાથે તમારા સ્તન કેન્સરના જોખમ વિશે અને તેને ઓછું કરવા માટે તમે શું કરી શકો તે વિશે વાત કરવી જોઈએ.

સૌથી અગત્યની બાબત એ છે કે તમારે તમારા કુટુંબનો સ્તન કેન્સરનો ઇતિહાસ જાણવો જોઈએ.

**એવા કયા પરિબળો હોય છે જે સ્તન કેન્સર થવાનું જોખમ વધારે છે?**

કેટલાક પરિબળો એવા હોય છે જેનાથી સ્તન કેન્સર થવાનું જોખમ વધી શકે છે:

- સ્તન અને અંડાશયના કેન્સરનો પારિવારિક ઇતિહાસ. જો તમારી મમ્મી, બહેન અથવા દીકરીને સ્તન કેન્સર થયું હોય, તો તમને આ કેન્સર થવાના જોખમ વધારે હોઈ શકે છે, ખાસ કરીને જો 45 વર્ષની ઉંમર પહેલાં કુટુંબના એક કરતાં વધુ સભ્યને સ્તન કેન્સર હોય તો જોખમ વધી જાય છે. પરિવારમાં તમારા પિતા અથવા તમારી માતાથી પણ વારસામાં સ્તન કેન્સરનું જોખમ આવી શકે છે
- આનુવંશિક પરિવર્તન (જિનેટિક મ્યુટેશન). કેટલાક જનીનો, જેમ કે BRCA1 અને BRCA2, જો તેઓ પરિવર્તિત (મ્યુટેડ) હોય તો સ્તન કેન્સરનું જોખમ વધારી શકે છે. જો તમારા પરિવારના સભ્યોને પણ આ કોષોનું મ્યુટેશન થયું છે, તો તમને પણ સ્તન કેન્સર થવાનું જોખમ વધુ છે. જે લોકોને સ્તન કેન્સરનું વારસાગત જોખમ હોય છે તેમને તેમના જીવનકાળમાં સ્તન કેન્સર થવાની શક્યતા 85% જેટલી હોય છે.
- એબ્નોર્મલ સ્તન બાયોપ્સીનો ઇતિહાસ. જો સ્તનની બાયોપ્સીમાં તમારા સ્તનના કોષો અસામાન્ય દેખાય છે, તો તમને કેન્સરનું જોખમ વધારે છે.
- ડેન્સ બ્રેસ્ટ. જો તમારા સ્તનો ભારી હોય તો બ્રેસ્ટ કેન્સર થવાનું તમારું જોખમ વધારે છે. જો સ્તન ભારે હોય તો મેમોગ્રામ પર સ્તન કેન્સર જોવાનું પણ મુશ્કેલ થઇ શકે છે.
- 25 કે તેથી વધુનો હાઈ બોડી માસ ઇન્ડેક્સ (BMI).
- વધતી ઉંમર. જેમ જેમ તમારી ઉંમર વધતી જાય તેમ તેમ સ્તન કેન્સરનું જોખમ વધે છે.
- નાની ઉંમરે છાતીની દિવાલ પર રેડિયેશન આપ્યાનો ઇતિહાસ.

Volume-6 | Issue-59 | March 25, 2024

તમારા સ્તન કેન્સરના જોખમના આધારે, તમારા ડૉક્ટર તમને સલાહ આપશે કે તમારા માટે કયા પ્રકારનું સ્ક્રીનિંગ અને નિવારણ પદ્ધતિઓ શ્રેષ્ઠ છે અને તમારે તમારા સ્તનની કેટલીવાર તપાસ કરાવવી જોઈએ અને આનુવંશિક પરીક્ષણ કરાવવું જોઈએ. સ્તન કેન્સર નિષ્ણાતો અદ્યતન સ્તન કેન્સર રિસ્ક મોડેલોનો ઉપયોગ કરે છે જે તમારા વ્યક્તિગત જોખમ પરિબળોને ધ્યાનમાં લે છે અને તમને સ્તન કેન્સરના તમારા જોખમનું મૂલ્યાંકન કરવામાં મદદ કરે છે.

**જો મને સ્તન કેન્સરનું ઉચ્ચ જોખમ હોય તો મારે શું કરવું જોઈએ?**

સ્તન કેન્સર નિષ્ણાંત તમને આનુવંશિક જોખમ મૂલ્યાંકન, પરામર્શ અને પરીક્ષણ તેમજ સ્તન કેન્સરનું ઉચ્ચ જોખમ વાળી સ્ત્રીઓ માટે સ્ક્રીનીંગ અને નિવારણ વિકલ્પો ઓફર કરી શકે છે. જો તમને સ્તન કેન્સરનું ઉચ્ચ જોખમ હોય, તો તમારે તેના નિવારણ, સ્ક્રીનીંગ અને જોખમ-ઘટાડા માટે યોજના બનાવવા માટે સ્તન કેન્સર નિષ્ણાત સાથે મળીને કામ કરવું જોઈએ.

સ્તન કેન્સરને વહેલું શોધવા માટે મેમોગ્રામ એ સૌથી મહત્વપૂર્ણ સ્ક્રીનીંગ ટેસ્ટ છે. પરંતુ જો તમને ઉચ્ચ જોખમ (હાઈ રિસ્ક) હોય, તો તમારે તમારા વાર્ષિક મેમોગ્રામ સાથે અન્ય પરીક્ષણોની પણ જરૂર પડી શકે છે, જેમ કે સ્તન MRI.

**હું મારા સ્તન કેન્સરનું જોખમ કેવી રીતે ઘટાડી શકું?**

સ્તન કેન્સર થવાનું જોખમ ઓછું કરવા અથવા સારવાર અને ઈલાજ સરળ હોય ત્યારે તેને વહેલાસર શોધવા માટે, તમારે બે બાબતો કરવાની જરૂર છે: નિયમિત તપાસ કરાવો અને તંદુરસ્ત જીવનશૈલી જીવો. સ્તન કેન્સરનું જોખમ ઓછું કરવા માટે તમે કેટલીક બાબતો ધ્યાનમાં રાખી શકો છો, ભલે કેટલાક જોખમી પરિબળો જેને તમે બદલી શકતા નથી



CIMS Cancer Care

Marengo CIMS Hospital

Volume-6 | Issue-59 | March 25, 2024

# સ્ત્રીનું સૌંદર્ય અને સ્તન કેન્સર



**DR MALHAR PATEL**

MBBS, DNB
(Radiation Oncology)
Consultant Radiation Oncologist
+91 95376 64757
malhar.patel@marengoasia.com

**સ્તન એટલે સ્ત્રીનાં સ્ત્રીત્વનું પ્રતીક**
**સ્તન એટલે સ્ત્રીનું સૌંદર્ય**

મને સ્તન કેન્સર છે. મારે સર્જરી કરાવી, સ્તન કાઢવું જ પડશે!

વર્ષોથી સમાજ એવી સમજણ ધરાવે છે કે સ્તન કેન્સરની સારવારમાં સૌ પ્રથમ સર્જરી કરી, સ્તનને કાઢી જ નાખવું.

સ્તન બચાવવું કે નહીં, તે નિર્ણય જો દર્દી (સ્ત્રી) ઉપર છોડવામાં આવે, તો મોટ્ટા ભાગની સ્ત્રીઓની ઈચ્છા હોય છે કે જો સ્તન બચતું હોય તો બચાવવું જ !

પરંતુ કદાચ કેન્સર પાછું આવવાની અને રેડિએશન થેરાપીની બીકના માર્યા અથવા કુટુંબના દબાણ હેઠળ તેઓ સ્તન કઢાવવાનું મન મનાવી જ લે છે.

શરીરનું એક ખૂબ મહત્વનું અંગ ગુમાવાથી એક સ્ત્રી શું અનુભવે છે તેનું વર્ણન કરવું કદાચ અશક્ય છે.

અમુક આંકડા તરફ ધ્યાન આપીશું તો ભારત દેશમાં 70% સ્તન કેન્સરનું નિદાન ત્રીજા અથવા ચોથા તબક્કામાં (સ્ટેજ) થાય છે. આવા કેસીસમાં સામાન્ય રીતે માસ્ટેક્ટોમી (MRM મોડીફાઇડ રેડિકલ મસ્ટેક્ટોમી) સર્જરીની જરૂર પડી શકે છે - જેમાં સંપૂર્ણ સ્તન અને બગલની લસિકાઓ કાઢી નાખવામાં આવે છે.

છેલ્લા કેટલાક વર્ષોથી સ્તન કેન્સરનું નિદાન પ્રથમ અને દ્વિતીય તબક્કામાં (Stage-1 & Stage-2) થઇ રહ્યું છે, જેનું સૌથી અગત્યનું કારણ છે સમાજમાં સ્તન કેન્સર અંગેની જાગૃતતા!

ઓર્ગન પ્રિસર્વેશનના જમાનામાં મેડિકલ રિસર્ચ અને તબીબોની કુશળતાને કારણે સ્તન કેન્સરનાં પ્રથમ અને દ્વિતીય તબક્કામાં સ્તન બચાવવું શક્ય બન્યું છે.

એડવાન્સ્ડ કેન્સરમાં પણ સર્જરી પેહલા કિમોથેરાપી આપી, ગાંઠ નાની કર્યાં બાદ સ્તન બચાવાવામાં સફળતા મળી છે.

સ્તન બચાવવાની સર્જરીને બ્રેસ્ટ કન્સર્વેટીવ સર્જરી કહેવામાં આવે છે. જેમાં કેન્સરની ગાંઠ અને તેની આસપાસની સ્તનની પેશીને સર્જરી દ્વારા કાઢી નાખવામાં આવે છે. તદુપરાંત ઍક્ઝીલરી ડિસેક્શન એટલે કે બગલની ગાંઠો પણ કાઢવામાં આવે છે. તબીબી ક્ષેત્રે એડવાન્સમેન્ટ એક્ઝિલરી ડિસેક્શનને સ્થાને સેન્ટીનલ લિમ્ફ નોડ ડિસેક્શન કરવામાં આવે છે. જેમાં બગલની અમુક જ લસિકાઓ કાઢવામાં આવે છે. જેના થકી લાંબા ગાળાની તકલીફો જેમ કે હાથ સૂઝી જવો વગેરે પ્રમાણમાં નહિવત થાય છે.

બ્રેસ્ટ કન્સર્વેટીવ સર્જરી એટલે ફક્ત સ્તન બચાવવું જ નહિ, પરંતુ સ્તનનો આકાર અને ઉભાર પણ જાળવી રાખવો જેનાથી સ્ત્રીનું સૌંદર્ય બરકરાર રહે.

આ હેતુસર કેન્સર સર્જરી દરમિયાન જ પ્લાસ્ટિક સર્જરી કરી શકાય છે જેને ઓન્કો-પ્લાસ્ટી કહે છે.

આ ઓન્કોપ્લાસ્ટીમાં કેન્સર સર્જરીનાં બધા જ નિયમોનું પાલન કરી પ્લાસ્ટિક સર્જરી કરવામાં આવે છે- એટલે જ ઓન્કોપ્લાસ્ટી માં ઓન્કો હંમેશા પ્રથમ સ્થાને છે અને પ્લાસ્ટી દ્વિતીય !

સ્તન બચાવવાના અભિગમમાં (બ્રેસ્ટ કન્સર્વેટીવ એપ્રોચ) રેડિએશન થેરાપી (રેડિયોથેરાપી) અનિવાર્ય છે. રેડિએશન થેરાપીની સમાજમાં જે બીક પેઠી છે તેને દૂર કરવી અત્યંત જરૂરી છે.

નવીનતમ રેડિયેશન ટેક્નિક્સ, અદ્યતન લિનિયર એક્સેલેટર્સ અને અન્ય આધુનિક મશીન્સ, મેડિકલ રિસર્ચ તથા તબીબોની કુશળતા અને બહોળા અનુભવને કારણે રેડિયોથેરાપી અત્યંત સચોટ અને ચોક્કસ બની છે.

રેડિએશનની સારવાર દરમ્યાન, સ્ત્રીને કોઈ પણ પ્રકારના બળતરા, દુ:ખાવો અથવા ગરમીનો અનુભવ થતો નથી તેથી તેઓ રેડિએશન થેરાપી ખૂબ સરળતાથી પ્રાપ્ત કરી શકે છે. રેડિએશન થેરાપીથી શરીરના મહત્વનાં અંગો જેમ કે હૃદય, ફેફસાં, લીવર વગેરેને કોઈ પણ પ્રકારનું ટૂંકા અથવા લાંબાગાળાનું નુકશાન થતું નથી. કિમોથેરાપી સ્તન કેન્સરની સારવારમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, જેની જાણકારી આપના કિમોથેરાપી વિશેષજ્ઞ જરૂરથી પૂરી પાડશે.

કેન્સર રિસર્ચમાં સાબિત થઇ ચૂક્યું છે કે બ્રેસ્ટ કન્સર્વેટીવ અપ્રોચના 3, 5, અને 8 વર્ષના પરિણામ માસ્ટેક્ટોમીના પરિણામોને સમાન છે.

તો આપ સૌ સ્તન કેન્સર વિષે જાગૃત બનો અને આપના કેન્સર વિશેષજ્ઞને પૂછતાં જરા પણ અચકાતા નહિ, " ડોક્ટર, શું મારું સ્તન બચી શકે તેમ છે?"



Marengo CIMS Hospital

# હર્નિયા ક્લિનિક

હર્નિયા ની તપાસ હવે માત્ર @

~~₹ 7,560/-~~

**₹ 3,900/-* માં**

30મી એપ્રિલ, 2024 સુધી માન્ય

Terms & Conditions Apply*

દર ગુરુવારે | 2:00 PM થી 4:00 PM સુધી

## હર્નિયામાં ઝડપી રિકવરી હવે સર્જરીથી શક્ય

ન્યૂનતમ કાપા સાથે, બહેતર પરિણામો

વિશેષ તપાસ:

• ડૉક્ટર કન્સલ્ટેશન • પ્રી-ઓપરેટિવ ટેસ્ટ • પેટની સોનોગ્રાફી

## ડો અભિલાષ સી ચોકસી

MS (જનરલ સર્જરી), FIAGES, FALS (હર્નીયા), FMAS, FICS, FAIS • કન્સલ્ટન્ટ લેપ્રોસ્કોપિક જનરલ સર્જન
સર્જરી ડિપાર્ટમેન્ટ અને મિનિમલ ઇન્વેસિવ સર્જરી ડિપાર્ટમેન્ટના હેડ

એપોઇન્ટમેન્ટ માટે કૉલ કરો: +91-82380 95712 / 82380 95715

**Marengo CIMS Hospital**
Off. Science City Road, Sola, Ahmedabad - 380060
marengocims.info@marengoasia.com

JCI (USA) NABH

For emergency or appointment,
**1800 309 9999**

Marengo CIMS Hospital
Volume-6 | Issue-59 | March 25, 2024

JCI (USA)

ONE HEART
ONE LIFE
ONE DESTINATION
CARDIAC SCIENCE
MARENGO CIMS HOSPITAL

# મૈરિંગો સિમ્સ હોસ્પિટલ
## ટ્રાન્સપ્લાન્ટમાં ભારતભરમાં અગ્રેસર



# 50 મું
# હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
માર્ચ 06, 2024

## ધબકતું હૃદય અને જિંદગીની અમૂલ્ય ભેટ આપનાર દરેક ડોનરને દિલથી સલામ !

## ભારતની સૌથી વિશાળ હાર્ટ કેર નિષ્ણાંતોમાંની એક ટીમ

### કાર્ડિયોથોરાસિક અને વાસ્ક્યુલર સર્જન્સ/ હાર્ટ એન્ડ લંગ ટ્રાન્સપ્લાન સર્જન્સ

ડો. ધીરેન શાહ (ડિરેક્ટર) | ડો. ધવલ નાયક | ડૉ. અમિત ચંદન | ડો. કિશોર ગુપ્તા | ડો. નિકુંજ વ્યાસ | ડો. શૌનક શાહ | ડૉ. પ્રણવ મોદી

### હાર્ટ ફેલ્યોર અને ટ્રાન્સપ્લાન્ટ કાર્ડિયોલોજિસ્ટ્સ

ડો. તેજસ વી. પટેલ | ડૉ. સત્ય ગુપ્તા | ડો. ઉર્મિલ શાહ | ડો. અનીશ ચંદારાણા | ડો. કેયુર પરીખ | ડો. મિલન ચગ | ડો. અજય નાયક | ડો. હેમાંગ બક્ષી | ડો. હિરેન કેવડીયા | ડો. વિપુલ કપૂર | ડો. કશ્યપ શેઠ

### હાર્ટ એન્ડ લંગ ટ્રાન્સપ્લાન્ટ એનેસ્થેસિયોલોજિસ્ટ એન્ડ ઈન્ટેન્સિવિસ્ટ

ડો. નિરેન ભાવસાર | ડો. હિરેન ધોળકિયા | ડો. ચિંતન શેઠ

# CIMS Cancer Care

Marengo CIMS Hospital

Volume-6 | Issue-59 | March 25, 2024


## મૈરિંગો સિમ્સ હોસ્પિટલ, અમદાવાદમાં

# કેશલેસ સેવાઓ

## હવે ઉપલબ્ધ

**જોઈન્ટ કમિશન ઈન્ટરનેશનલ માન્યતા પ્રાપ્ત**

**અમદાવાદ શહેરની એક માત્ર મલ્ટી-સ્પેશ્યાલીટી હોસ્પિટલ**



## કેશલેસ ઈન્સ્યોરન્સ I થર્ડ પાર્ટી એડમિનિસ્ટ્રેટર (TPA) I પબ્લિક સેક્ટર અંડરટેકીંગ (PSU)

### ઇન્શ્યોરન્સ કંપનીઓ

- ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ
- નેશનલ ઇન્શ્યોરન્સ
- યુનાઈટેડ ઈન્ડિયા ઇન્શ્યોરન્સ
- ઓરિયેન્ટલ ઇન્શ્યોરન્સ

### ટી.પી.એ. (TPA)

- અલંકિત હેલ્થ કેર
- અનમોલ મેડીકેર
- અન્યુતા હેલ્થકેર
- ઈસ્ટ વેસ્ટ આસિસ્ટ
- એરિક્સન હેલ્થેકર
- ફેમિલી હેલ્થ પ્લાન
- ફોક્સ હેલ્થસર્વિસ
- જેનિસ ઈન્ડિયા
- ગુડ હેલ્થ પ્લાન
- ગ્રાન્ડ હેલ્થકેર સર્વિસ
- હેપ્પી ઈન્સ્યોરન્સ
- હેલ્થ ઈન્ડિયા
- હેલ્થ ઈન્સ્યોરન્સ
- હેરિટેઝ હેલ્થ
- એમડી ઈન્ડિયા હેલ્થકેર
- મેડ સેવ હેલ્થ કેર
- મેડી આસિસ્ટ ઈન્ડિયા
- મેડએડવાન્ટેજ ઈન્સ્યોરન્સ
- પાર્ક મેડીક્લેમ
- પેરામાઉન્ડ હેલ્થ સર્વિસ
- રક્ષા હેલ્થ ઈન્સ્યોરન્સ
- રોથશિલ્ડ હેલ્થકેર
- સેફવે હેલ્થકેર
- સ્પૂર્થી મેડિટેક
- શ્રી ગોકુલમ હેલ્થ સર્વિસીસ
- વિડાલ હેલ્થ
- વિપુલ મેડ કોર્પ

### પ્રાઈવેટ ઈન્શ્યોરન્સ

- આદિત્ય બિરલા હેલ્થ
- બજાજ આલિયાન્ઝ
- ચોલા MS
- મનિપાલ સિગ્ના
- ડીએચએફએલ
- એડલ વાઇસ
- ગો ડિજીટ
- એચડીએફસી અર્ગો
- ICICI લોમ્બાર્ડ
- ઇફ્કો ટોકિયો
- ઇન્ડિયા ફર્સ્ટ લાઈફ ઇન્શ્યોરન્સ
- લિબર્ટી જનરલ ઇન્શ્યોરન્સ
- મેગ્મા HDI
- નિવા બુપા
- કેર હેલ્થ
- રિલાયન્સ જનરલ
- એસ.બી.આઈ. જનરલ
- સ્ટાર હેલ્થ એન્ડ એલાઈડ
- ટાટા એ.આઈ.જી
- યુનિવર્સલ સોમ્પો
- એકો જનરલ
- નાવી જનરલ ઈન્સ્યોરન્સ

### પબ્લિક સેક્ટર અન્ડરટેકિંગ (PSU)

- એરફોર્સ સ્ટેશન - વડસર*
- એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા
- ભારત સંચાર નિગમ લિમિટેડ*
- **સેન્ટ્રલ ગવર્નમેન્ટ હેલ્થ સ્કિમ (CGHS)**
- દીનદયાળ પોર્ટ ઓથોરિટી
- એમ્પ્લોઈ'સ સ્ટેટ ઇન્શ્યોરન્સ કોર્પોરેશન (ESIC)* (માત્ર કર્મચારીઓ અને પેન્શનરો માટે)
- ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા
- ગેસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડ (GAIL)
- ગુજરાત મિનરલ્સ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GMDC)*
- ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર્સ કોર્પોરેશન (GSFC)
- **ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ (GEB) (GUVNL, GSECL, GETCO, UGVCL, PGVCL, MGVCL, DGVCL)**
- હાઉસિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન (HUDCO)
- હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL)
- ઇન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઇઝર્સ કોર્પોરેશન (IFFCO)
- ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી - ગાંધીનગર (IIT-GN)
- ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટ
- **ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (IOCL)**
- **ઇન્સ્ટિટ્યૂટ ફોર પ્લાઝ્મા રિસર્ચ (IPR)**
- ઇન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ ડેવલપમેન્ટ કોર્પોરેશન (IRCTC)
- **ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન (ISRO)**
- નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન (NHSRL)
- **ઓઇલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC) (મહેસાણા, અમદાવાદ વગેરે,)**
- ફિઝિકલ રિસર્ચ લિમિટેડ (PRL)
- ભારતીય રિઝર્વ બેંક (RBI)
- રાજકોટ નાગરિક સહકારી બેંક (RNSB)*
- **સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)**
- **વેસ્ટર્ન રેલ્વે**

*** ટાઈ-અપ્સ મુજબ રિમ્બર્સમેન્ટ સુવિધા**

India's **New Destination** For Transplants

▪ Heart ▪ Liver ▪ Kidney ▪ Lung ▪ Paediatric BMT

# CIMS Cancer Care

Marengo CIMS Hospital

Volume-6 | Issue-59 | March 25, 2024

**CIMS Cancer Care Registered under RNI No. GUJBIL/2017/75574**

**Published on 25th of every month**

**Permitted to post at PSO, Ahmedabad-380002 on the 26th to 30th of every month under**

**Postal Registration No. AHD-C/100/2023-2025 issued by SSP Ahmedabad valid upto 31st December, 2025**



**If Undelivered Please Return to :**

CIMS Hospital, Nr. Shukan Mall,

Off Science City Road, Sola, Ahmedabad-380060.

Call : 1800 309 9999



**Subscribe "CIMS Cancer Care" :** Get your "CIMS Cancer Care", the information of the latest medical updates only ₹ 60/- for one year. To subscribe pay ₹ 60/- in cash or cheque/DD at CIMS Hospital Pvt. Ltd. Nr. Shukan Mall, Off Science City Road, Sola, Ahmedabad-380060. Phone : +91-79-4805 2823. Cheque/DD should be in the name of : **"CIMS Hospital Pvt. Ltd."**
Please provide your **complete postal address with pincode, phone, mobile and email id** along with your subscription


## લોકોમાં હેલ્થ વિશેની જાગૃતતા લાવવા માટે મૈરિંગો સિમ્સ હોસ્પિટલ દ્વારા નિઃશુલ્ક મેડીકલ કેમ્પ તથા હેલ્થ એવરેનેશ સેમીનાર કરવામાં આવે છે. જેમાં વિશેષજ્ઞ ડૉક્ટર દ્વારા તપાસ કરવામાં આવે છે.



**શું તમે તમારી સોસાયટી કે શહેરમાં**
**નિઃશુલ્ક કેમ્પ કે હેલ્થ એવરેનેશ સેમીનાર કરવા માંગો છો ?**
**ફોન કરો કેતન આચાર્ય +91 98251 08257**


Printed and Published by **DEVANG C. BHAVSAR** on behalf of **CIMS HOSPITAL PRIVATE LIMITED** and Printed at Hi-Scan Private Limited, 304, G.I.D.C. Estate, Sarkhej-Bavla Highway, Village - Changodar (Taluka – Sanand, Dist - Ahmedabad) and published from CIMS HOSPITAL PRIVATE LIMITED, Near Shukan Mall, Off Science City Road, Sola, AHMEDABAD - 380060. Editor - **DEVANG C. BHAVSAR.**